
# Urinar Tract Infection (UTI) અને હોમીયોપથી

Urinary Tract Infection (UTI) અથવા પેશાબમાં થતું ઈન્ફેક્શન (Infection) ઘણો મહત્વનો રોગ છે. ખાસ કરી સ્ત્રીઓમાં એવા ઘણા દર્દીઓ છે કે જેઓ ઘણા વખતથી અથવા વર્ષોથી પેશાબમાં બળતરાની ફરિયાદ લઈ તબીબ પાસે જાય છે અને તબીબ એનું UTIનું નિદાન કરી એન્ટી બાયોટીક (Antibiotic) આપીને બળતરા મટાડે છે. પણ થોડા સમય પછી પાછી બળતરા શરૂ થઈ જાય. આમઘણો વખત Antibiotic ખાધા પછી તથા બીજા ઉપચાર કર્યા પછી પણ સારું નહીં થાય ત્યારે દર્દી અમારી પાસે આવે છે. આ દર્દીઓ ઘણીવાર એવું કહે કે, “બધા પ્રયત્નો કરી જોયા. કોઈ દવા અસર કરતી નથી, છેલ્લે થાકીને હારીને તમારી પાસે આવ્યા છીએ.” પણ જ્યારે દર્દી અમારી પાસે રોગ વધારીને, દબાવીને, જૂનો હઠીલો કરીને આવે ત્યારે એમનામાં ધીરજ નથી હોતી અને તરત સારું કરવાનું કહે. હવે તમે જ વિચારો કે જો રોગ સારો કરવાનો એટલો સરળ હોત તો આટલી દવાઓ, આટલા તબીબોને બતાવવાથી મટી ગયો હોત. છતાં હોમીયોપથી એક એવી ચિકિત્સા પદ્ધતિ છે જે આવા જૂના, હઠીલા, રોગોને પણ સારા કરે છે. જે રોગો મટી શકે એમહોય એને મટાડે છે અને જે રોગો નહીં મટી શકે એમહોય એમને પણ એટલા બધા સારા કરે છે કે દર્દીને એવું લાગવા માંડે છે કે રોગ મટી ગયો છે. હવે આજના મુદ્દા પર પાછા આવીએ.

**UTI** :- એ શરીરની Urinary Systemમાં થતું Infection છે, જે બનેલી છે - કીડની (Kidney), યુરેટર (Ureter), મુત્રાશય (Bladder) અને યુરેથ્રા (Urethra)ની. મોટાભાગના લોકોને Infection મુત્રાશય અને યુરેથ્રામાં થાય છે અને જો Infection ની બારોબાર સારવાર નહીં કરવામાં આવે તો એની અસર કીડનીને થાય છે જે કોઈક વાર જીવલેણ થઈ શકે.

સ્ત્રીઓમાં UTI વધારે જોવા મળે છે, કારણ કે એમના શારીરિક બંધારણ (Anatomy) પ્રમાણે પેશાબનું દ્વાર - યોનીદ્વાર (Vagina) તથા મળદ્વાર (Anus)ની પાસે હોય છે, જેને કારણે Vagina તથા Anus નું Infection તરત Urethraમાં લાગે છે.

લક્ષણો :- વારે ઘડીએ પેશાબ કરવાની તીવ્ર ઈચ્છા, પેશાબ કરતા પહેલા, કરતી વખતે, અથવા કર્યા પછી પેશાબ નળીમાં (Urethra) બળતરા થવી અથવા ચપ્પુ વડે કાંઈ કપાતું હોય એવો દુ:ખાવો થવો; પેશાબ થોડા પ્રમાણમાં થવો અને થોડી થોડી વારે થવો; પેશાબ રોકી નહીં શકાય; પેશાબ દુધિયા રંગનો અથવા લાલ રંગનો થાય; પેશાબમાં દુર્ગંધ જેવી વાસ આવે; તાવ; ધ્રુજારી; ઠંડી; ઉબકા; ઉલટી; પેઢામાં



દુ:ખાવો; કમ્મરનો દુ:ખાવો વગેરે.

**કારણ** :- જીવાણું (Bacteria, Fungal) મળદ્વારથી અથવા યોનીમાર્ગથી Uretra સુધી જઈ Infection કરે; શરીરની ચોખ્ખાઈ નહીં રાખવાથી ખાસ કરી Vagina અને Anus ની મળમૂત્ર ત્યાગ પછી હાથ સાબુથી નહીં ધોવા; શારીરિક સંબંધ (Sexual Intercourse)ને કારણે, માસિક (Menses) વખતે ચોખ્ખાઈ નહીં રાખવાના કારણે, ડાયાબીટીસ (Diabetes); પેશાબ માટે કેથેટર (Catheter)ના ઉપયોગને કારણે.

**નીદાન** :- પેશાબનું વિસ્તારથી analysis Microscopic and Culture, Ultrasound, CTScan, Irtovenour Pyelogram (IVP) Cystoscopy.

સારવાર :- એલોપથીમાં જીવાણુઓ મુજબ Antibioticનો ઉપયોગ કરવામાં આવે છે. જેનાથી જીવાણુંઓ મરી જાય છે અનો તકલીફમાં રાહત થાય છે. Antiboiticsમાં સામાન્ય રીતે Bactrim, Sepra, Amoxil, Augmembin, Furadentin વગેરે અપાય છે.

હોમીયોપથીમાં UTI માટે અકસીર દવાઓ છે. મહત્ત્વ છે રોગને સમજવાનું. હોમીયોપથી માને છે કે જીવાણુઓનો નાશ કરવાથી રોગ મટતો નથી, પણ રોગની તીવ્રતામાં રાહત મળે છે, કારણ કે જીવાણુંઓને શરીરમાં આવી એને રોગીષ્ઠ બનાવવાની રજા અથવા Permission કોણે આપી.

સામાન્ય રીતે આપણે અને આપણું શરીર રોજ હજારો જીવાણુઓનાં સંપર્કમાં આવે છે. પણ બધા જીવાણુઓ Infection નથી કરતા. ફક્ત એ જ જીવાણુઓ Infect કરી શકે છે. જેના પ્રતિ આપણી રોગ પ્રતિકારક શક્તિ કમજોર છે. અને આ જીવાણું ફરી ફરી Infection કરીને શરીરને વધારે કરજોર કરે છે. આવું થવાથી એક જાતની પ્રકૃતિ બની જાય છે, રોગ થયા કરવા માટેની.

હોમીયોપેથીક દવા આ ‘પ્રકૃતિ’ને બદલી નાખે છે. રોગપ્રતિકારક શક્તિને વધારીને જેથી જ્યારે આ જીવાણું હુમલો કરે ત્યારે રોગપ્રતિકારક શક્તિ તૈયાર હોય એનો સામનો કરવા. આમહોમીયોપેથીક દવાઓ જૂનો, હઠીલો થઈ ગયેલા રોગને પણ મટાડી શકે છે.

રોગને સમજવા તથા દર્દીની પ્રકૃતિને સમજવા માટે હોમીયોપેથ દર્દીની તકલીફ વિશે વિસ્તારથી જાણવાનો પ્રયત્ન કરશે, દર્દીની ભૂતકાળની માંદગીઓ, વારસાગત બીમારીઓની પણ નોંધ લેશે, દર્દીની માનસિક, સામાજીક, આદતો વગેરે વિશે પણ જાણશે અને પછી હોમીયોપેથીક સારવાર શરૂ કરશે. આવી રીતે રોગને બરાબર સમજી, રોગીને બરાબર સમજીને આપેલી હોમીયોપેથીક દવા રોગને મટાડે છે.

**UTI થી બચવા શું કરવું ?**

દિવસમાં ઘણું પાણી પીવું; શરીરની ચોખ્ખાઈ રાખવી - મળમૂત્રના ત્યાગ પહેલા, વખતે અને પછી, શારીરિક સંબંધ વખતે, માસિક વખતે; પેશાબ કરવાની ઈચ્છાને રોકવી નહીં; ખોરાક તાજો તથા તંદુરસ્ત ખાવો, હાથ ધોવાનું રાખવું. હોમીયોપેથી મોટા ભાગના રોગોમાં સારી અસર બતાવે છે. એટલે તમારી કોઈ પણ બીમારી હોય, તમારા હોમીયોપેથ જોડે ચર્ચા કરો અને એનો ઉપાય કરો અને તંદુરસ્ત બનો.



Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7. [Hurontario + Dundas] [Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2. [Queen and Centre Street] [Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4 [Markham road + Nashdene] [Wednesday 4 pm to 7 pm]

ગુજરાત ન્યુઝલાઈનની વેબસાઈટનું સરનામુ www.gujaratnewsline.ca
અમારી સાથે જાહેરખબર કરો અને તમારા બિઝનેસનું સૌથી વધારે માઈલેજ મેળવો...
ક્લાસિફાઈડ જાહેરાત
માત્ર $ 12
Highest No of Gujarati Writers from CANADA, GUJARAT & USA
EXCLUSIVE INTERVIEWS & INFORMATIVE ARTICLES
# 1 Newspaper for Gujarati Community in Canada
Canada's Biggest and Largest
Free Distributing Gujarati Newspaper
કેનેડામાં ગુજરાતીઓનું ગૌરવ એટલે...
ગુજરાત ન્યૂઝલાઈન
INDO-CANADIAN GUJARATI COMMUNITY NEWSPAPER
GUJARAT NEWSLINE
Pl. call : LALIT SONI at 647 400 6248 for more info.